## પવિત્ર શુક્રવાર

## શુભસંદેશ :સંત યોહાનકૃત ભગવાન ઇસુની મહાવ્યથાની કથા :

[18 : 1 – - 19 : 42 ]

ઇસુ શિષ્યો સાથે બહાર ચાલ્યા ગયા અને કિદ્રોનની ખીણ વટાવીને એક વાડી હતી ત્યાં ગયા અને શિષ્યો સાથે તેમાં દાખલ થયા. એમને દગો દેનાર યહૂદાને પણ આ જગ્યાની ખબર હતી, કારણ, ઇસુ ઘણી વાર શિષ્યો સાથે ત્યાં મળતા હતા. એટલે સૈનિકોની ટુકડીને અને મુખ્ય પુરોહિતો અને ફરોશીઓ પાસેથી સિપાઈઓ લઈને યહૂદા ફાનસો, મશાલો અને હથિયારો સાથે ત્યાં પહોંચી ગયો.

પોતા ઉપર જે વીતવાનું હતું તે બધું જાણતા હોઈને, ઇસુએ આગળ જઈને તેમને કહ્યું "તમે કોને શોધો છો ?"

તેમણે જવાબ આપ્યો, "નાસરેથના ઇસુને"

ઇસુએ કહ્યું, "હું જ ઇસુ."

હવે, એમને દગો દેનાર યહૂદા પણ એ લોકો સાથે ઊભો હતો. ઇસુએ 'હું જ ઇસુ' એમ કહેતાં જ તેઓ પાછા હઠી ગયા અને ભોંય ઉપર ઢળી પડયા.

ફરી ઇસુએ તેમને પૂછયું, "તમે કોને શોધો છો ?"

તેમણે કહ્યું "નાસરેથના ઇસુને."

ત્યારે ઇસુએ કહ્યું, "મેં તમને કહ્યું તો ખરું કે, હું ઇસુ છું. એટલે જો તમે મને શોધતા હો તો આ લોકોને જવા દો." આમ, એમનાં વચન સાચાં પડયાં કે, "તમે મને સોંપેલામાંથી એકને પણ મેં ખોયો નથી."

ત્યાં સિમોન પીતરે પોતા પાસેની તલવાર ખેંચીને વડા પુરોહિતના નોકર ઉપર ઘા કરી તેનો જમણો કાન કાપી નાખ્યો. એ નોકરનું નામ માલ્ખસ હતું. ઇસુએ પીતરને કહ્યું, "તલવાર મ્યાન કર. શું મારા પિતાએ આપેલો પ્યાલો મારે ન પીવો ?"

એ પછી સૈનિકોએ, સેનાપતિએ અને યહૂદીઓના સિપાઈઓએ ઇસુને પકડ્યા અને તેમને બાંધીને પહેલાં તેઓ આનાસ પાસે લઈ ગયા; તે વરસના વડા પુરોહિત કાયફાનો તે સસરો થતો હતો. 'પ્રજાને ખાતર એક માણસ મરી જાય એ તમારા હિતમાં છે.' એવી સલાહ યહૂદીઓને આપનાર કાયફા હતો.

સિમોન પીતર અને એક બીજો શિષ્ય ઇસુની પાછળ પાછળ ગયા. એ શિષ્ય વડા પુરોહિતનો ઓળખીતો હતો એટલે તે ઈસુની સાથે સાથે વડા પુરોહિતના મહેલમાં દાખલ થયો; પણ પીતર બહારને દરવાજે રોકાઈ ગયો. આથી પેલો બીજો શિષ્ય, જે વડા પુરોહિતનો ઓળખીતો હતો, તેણે બહાર જઈને દ્વારપાલિકાને કહીને પીતરને અંદર તેડાવ્યો, એટલે દરવાજો સાચવતી એ નોકરડીએ પીતરને કહ્યું, "તું પણ એ માણસનો શિષ્ય છે ?"

પીતરે કહ્યું, "ના"

"ઠંડી હતી એટલે નોકરો અને સિપાઇઓ તાપણું સળગાવીને ઊભા ઊભા તાપતા હતા અને પીતર પણ તેમની સાથે ઊભો ઊભો તાપતો હતો.

વડા પુરોહિતે ઇસુને તેમના શિષ્યો વિશે અને ઉપદેશ વિશે પૂછ્યું. ઇસુએ જવાબ આપ્યો, "હું તો જગત આગળ જાહેરમાં બોલ્યો છું. હું હંમેશા સભાગૃહોમાં અને મંદિરમાં ઉપદેશ કરતો આવ્યો છું, જ્યાં બધા યહૂદીઓ ભેગા થાય છેઃ છૂપી રીતે મેં કશું કહ્યું નથી. તમે મને શું કરવા પૂછો છો? મારા શ્રોતાઓને પૂછોને, કે મેં તેમને શું કહ્યું છે; મેં તેમને શું કહ્યું છે તેની તેમને ખબર છે."

ઇસુ આમ બોલ્યા ત્યાં જ પાસે ઊભેલા એક સિપાઇએ તેમને **એક** લપડાક ચોડી દઈને કહ્યું, "વડા પુરોહિતને તું આ રીતે જવાબ આપે છે?"

ઇસુએ કહ્યું, "મેં જો કંઈ ખોટું કહ્યું હોય તો સાબિત કરો; પણ હું જો સાચું બોલ્યો હોઉં તો શા માટે મને મારો છો?"

પછી આનાસે ઇસુને બાંધીને વડા પુરોહિત કાયફા પાસે મોકલી આપ્યા.

સિમોન પીતર ઊભો ઊભો તાપતો હતો એવામાં લોકોએ તેને કહ્યું, "તું પણ એનો શિષ્ય નથી?" તેણે ઇન્કાર કરીને કહ્યું, "ના"

એટલે વડા પુરોહિતના એક નોકરે, પીતરે જેનો કાન કાપી નાખ્યો હતો તેના એક સગાએ, તેને કહ્યું." મેં તને એની સાથે વાડીમાં નથી જોયો?"

પીતરે ફરી ઇન્કાર કર્યો અને તે જ ક્ષણે કૂકડો બોલ્યો.

પછી તેઓ ઇસુને કાયફાને ત્યાંથી રાજભવનમાં લઈ ગયા. પરોઢ થઈ ગયું હતું. એ લોકો જાતે રાજભવનમાં દાખલ ન થયા, જેથી પોતે અભડાય નહિ અને પાસ્ખાનું ભોજન લઈ શકે. આથી પિલાત તેમને મળવા બહાર ગયો. અને બોલ્યો, "આ માણસ સામે તમારો શો આરોપ છે?"

તેઓએ જવાબ આપ્યો, એ જો ગુનેગાર ન હોત તો અમે એને તામારી સમક્ષ ખડો કર્યો ન હોત."

પિલાતે કહ્યું, "તો તમે જ એને લઈ જાઓ, અને તમારા શાસ્ત્ર પ્રમાણે એનો ન્યાય કરો."

યહૂદીઓએ કહ્યું," કોઇને મૃત્યુદંડ દેવાની અમને છૂટ નથી." પોતે કેવા **મૃત્યુ**ને ભેટવાના છે એ સૂચવતા જે શબ્દો ઇસુએ ઉચ્ચાર્યા હતા તે આમ સાચા પડે એટલા ખાતર આમ બન્યું.

પછી પિલાતે રાજભવનમાં પાછા જઈને ઇસુને બોલાવીને પૂછ્યું, "તું યહૂદીઓનો રાજા છે?"

ઇસુએ જવાબ આપ્યો, 'આ તમે પોતે કહો છો કે બીજાઓએ તમને મારા વિશે કહ્યું છે?"

પિલાતે કહ્યું, "શું,હું યહૂદી છું? તારા લોકોએ અને મુખ્ય પુરોહિતોએ તને મારે હવાલે કર્યો છે; તેં શું કર્યું છે?"

ઇસુએ કહ્યું, 'મારું રાજ્ય આ દુનિયાનું નથી. તેમ જો હોત તો તો મારા સેવકો મને યહૂદીઓના હાથમાં પડતો અટકાવવા લડ્યા હોત. પણ મારું રાજ્ય આ દુનિયાનું છે જ નહિ."

પિલાતે તેમને કહ્યું, "એટલે તું રાજા તો છે, એમ ને ?"

ઇસુએ કહ્યું, "તમે કહો જ છો કે હું રાજા છું. હું જન્મ્યો છું જ એટલા માટે, અને જગતમાં આવ્યો છું જ એટલા માટે કે, સત્યની સાક્ષી પૂરું. જે કોઈ સત્યપરાયણ છે તે મારી વાત સાંભળે છે."

પિલાતે તેમને કહ્યું, "સત્ય વળી શું ?"

એટલું કહીને તે ફરી પાછો બહાર યહૂદીઓ પાસે ગયો અને બોલ્યો, "મને આ માણસમાં કંઈ દોષ દેખાતો નથી. જુઓ, તમારામાં એવો રિવાજ છે કે, પાસ્ખાના પર્વ ઉપર તમારા કહેવા પ્રમાણે મારે એક માણસને છોડી મૂકવો. તો હું યહૂદીઓના રાજાને છોડી મૂકું ? તમારી શી ઇચ્છા છે ?"

એટલે તેઓ ફરી બૂમ પાડી ઊઠયા, "એને નહિ, બરબ્બાસને !" બરબ્બાસ એક લૂંટારો હતો.

એટલે પછી પિલાતે ઇસુને લઈ જઈને તેમને ચાબખા મરાવ્યા. પછી સિપાઇઓએ કાંટાનો મુગટ ગૂંથીને તેમને માથે મૂકયો અને કિરમજી ઝભ્ભો તેમને ઓઢાડયો. ત્યાર પછી તેઓ તેમની આગળ આવી આવીને તેમને લપડાક મારતા પુકારવા લાગ્યા, "યહૂદીઓના રાજાનો જય હો!"`

પિલાતે ફરી બહાર જઈને યહૂદીઓને કહ્યું, "જુઓ, હું એને તમારી આગળ લઈ આવું છું; તમે સમજી લો કે મને એનામાં કંઈ દોષ દેખાતો નથી."

પછી ઇસુ કાંટાનો મુગટ અને કિરમજી ઝભ્ભો પહેરીને બહાર આવ્યા, અને પિલાતે યહૂદીઓને કહ્યું, "આ રહ્યો એ માણસ!" તેમને જોઈને મુખ્ય પુરોહિતો અને તેમના ખાંધિયાઓ બૂમ પાડી ઊઠયા, "એને ક્રૂસે ચડાવો, ક્રૂસે ચડાવો!"

પિલાતે તેમને કહ્યું, "તમે જ એને લઈ જાઓ અને ક્રૂસે ચડાવો, કારણ, મને તો એનો કંઈ દોષ દેખાતો નથી."

ત્યારે યહૂદીઓએ જવાબ આપ્યો, "પણ અમારામાં એક કાયદો છે, અને તે કાયદા મુજબ એને દેહાંતદંડ થવો જોઈએ, કારણ, એણે ઇશ્વરનો પુત્ર હોવાનો દાવો કર્યો છે."

આ સાંભળીને પિલાતને ધ્રાસકો પડયો, અને તેણે ફરી રાજભવનમાં જઈને ઇસુને પૂછયું, "તું કયાંનો છે ?" પણ ઇસુએ જવાબ ન આપ્યો. આથી પિલાતે ઇસુને કહ્યું, "તારે મને જવાબ નથી આપવો ? તને ખબર છે ને, કે તને છોડી મૂકવાની અને ક્રૂસે ચડાવવાની મને સત્તા છે ?"

ઇસુએ જવાબ આપ્યો, "તમને ઇશ્વર તરફથી મળી છે એ સિવાયની કોઈ સત્તા મારા ઉપર છે જ નહિ; એથી કરીને મને તમારે હવાલે કરનાર વધારે દોષિત છે."

આ પછી પિલાત ઇસુને છોડી દેવા માગતો હતો, પણ યહૂદીઓ પોકારી ઊઠયા, "તમે જો એ માણસને છોડી મૂકયો તો તમે બાદશાહના વફાદાર નહિ; જે કોઈ રાજા હોવાનો દાવો કરે છે તે બાદશાહનો વિરોધી છે."

આ સાંભળીને પિલાત ઇસુને બહાર લઈ આવી 'ફરસબંધી' (યહૂદીઓની ભાષામાં 'ગબ્બથા') નામે ઓળખાતી જગ્યાએ ન્યાયાસન ઉપર બેઠો. હવે, એ દિવસ પાસ્ખાની તૈયારીનો દિવસ હતો અને બપોર થવા આવ્યા હતા. પિલાતે યહૂદીઓને કહ્યું, "આ રહ્યો તમારો રાજા!"

આથી તેઓ બૂમ પાડી ઊઠયા, "પૂરો કરો ! એને ક્રૂસે ચડાવો!"

પિલાતે તેમને પૂછયું, "તમારા રાજાને ક્રૂસે ચડાવું ?"

મુખ્ય પુરોહિતોએ જવાબ આપ્યો, "બાદશાહ સિવાય અમારે કોઈ રાજા નથી."

ત્યારે તેણે ઇસુને ક્રૂસે ચડાવવા માટે તેઓને સોંપી દીધા.

એટલે તેઓએ ઇસુનો કબજો લઈ લીધો, અને ઇસુ પોતાનો ક્રૂસ ઉપાડીને 'ખોપરી' (યહૂદીઓની ભાષામાં 'ગુલગથા') ના નામે ઓળખાતી જગ્યાએ જવા નીકળ્યા; અને ત્યાં તેઓએ તેમને અને બીજા બે જણને ક્રૂસે જડી દીધા; આ બાજુ એક, પેલી બાજુ એક અને વચમાં ઇસુ. વળી, પિલાતે એક લખાણ લખાવીને ક્રૂસ ઉપર ચોડાવી દીધું. તેમાં લખ્યું હતું: 'નાસરેથનો ઇસુ યહૂદીઓનો રાજા' આ લખાણ ઘણા યહૂદીઓએ વાંચ્યું, કારણ, ઇસુને ક્રૂસે જડવામાં આવ્યા હતા તે જગ્યા શહેરની નજીક હતી, અને એ લખાણ હિબ્રૂમાં, લેટિનમાં, અને ગ્રીકમાં હતું. આથી યહૂદીઓના મુખ્ય પુરોહિતોએ પિલાતને કહ્યું, "તમારે 'યહૂદીઓનો રાજા' ન લખતાં, 'આ માણસ કહે છે કે હું યહૂદીઓનો રાજા છું.' એમ લખવું જોઈએ."

પિલાતે કહ્યું, "મેં તો લખ્યું તે લખ્યું."

ઇસુને ક્રૂસે જડ્યા પછી સિપાઈઓએ તેમનાં કપડાં અને ઝભ્ભો લઈ લીધાં. કપડાંના તેમણે ચાર ભાગ પાડયા અને ચારે જણે વહેંચી લીધા. ઝભ્ભો સાંધા વગરનો હતો, ઉપરથી તે નીચે સુધી ગૂંથેલો હતો, એટલે તેઓ એકબીજાને કહેવા લાગ્યા, "આપણે એ ફાડવો નથી. ચિઠ્ઠી નાખીને નક્કી કરીએ કે કોને ભાગે જાય છે", જેથી શાસ્ત્રવચન સાચું પડે કે,

"તેમણે મારા કપડાં વહેંચી લીધાં અને મારા ઝભ્ભા માટે ચિઠ્ઠી નાખી."

સિપાઈઓએ એ જ પ્રમાણે કર્યું.

## પવિત્ર શુક્રવાર

## શુભસંદેશ :સંત યોહાનકૃત ભગવાન ઇસુની મહાવ્યથાની કથા :

## [18 : 1 – - 19 : 42 ]

એ વખતે ઇસુના ક્રૂસ પાસે તેમનાં મા, માસી, કલોપાની વહુ મરિયમ, અને મગદલાની મરિયમ સાથે ઊભા હતાં. ઇસુએ પોતાનાં માને અને તેમની **પાસે** ઊભેલા પોતાના વહાલા શિષ્યને જોઈને માને કહ્યું, “બાઈ, આ તારો દીકરો.”

પછી તેમણે શિષ્યને કહ્યું, “આ તારી મા.” અને તે ઘડીથી શિષ્યે તેમને પોતાને ત્યાં રાખ્યાં.

ત્યાર પછી, હવે બધું પૂરું થયું છે એમ જાણતા હોઈને શાસ્ત્રની વાણી સાચી પાડવા ઇસુએ કહ્યું, “મને તરસ લાગી છે.”

ખાટો દ્રાક્ષાસવ ભરેલી એક બરણી ત્યાં પડી હતી, એટલે તેમાં એક વાદળી બોળી ભાલામાં ખોસી તેમના મોઢા આગળ ધરવામાં આવી. ખાટો દ્રાક્ષાસવ લીધા પછી ઇસુ બોલ્યા, “પૂરું થયું!” આમ કહીને માથું નમાવીને તેમણે પ્રાણ સોંપી દીધા.

એ પાસ્ખાની તૈયારીનો દિવસ હતો. વિશ્રામવારને દિવસે શબો ક્રૂસ ઉપર રહે એમ યહૂદીઓ ઇચ્છતા નહોતા. વળી, એ વિશ્રામવાર તો મોટા પર્વનો દિવસ હતો. આથી તેઓએ પિલાતને વિનંતી કરી કે, “પગ તોડીને શબોને ઉતરાવી લો.” એટલે સિપાઈઓએ આવીને ઇસુની સાથે ક્રૂસે જડાયેલા બે જણમાંથી પહેલાં એકના અને પછી બીજાના પગ તોડી નાખ્યા. પણ જયારે તેઓ ઇસુ પાસે આવ્યા ત્યારે તેમને માલૂમ પડયું કે તે તો મરણ પામી ચૂકયા છે, એટલે તેમણે તેમના પગ તોડયા નહિ; પણ એક સિપાઈએ તેમના પડખામાં ભાલો હુલાવ્યો કે તરત જ લોહી અને પાણી વહેવા લાગ્યા. તમને શ્રદ્ધા બેસે એ માટે નજરે જોનારે આ વાતની સાક્ષી પૂરી છે, અને એની સાક્ષી સાચી છે. પોતે સાચું કહે છે એની એને ખાતરી છે. “એનું એક હાડકું પણ કોઈ નહિ ભાંગે.” એ શાસ્ત્રવચન સાચું પડે એટલા માટે આ બધું બન્યું. વળી, બીજું શાસ્ત્રવચન એવું છે કે, જેને એમણે વીંધ્યો છે તેના પ્રત્યે તેઓ મીટ માંડી રહેશે.”

આ બધું બની ગયા પછી આરિમથાઈનો યોસેફ, જે ઇસુનો શિષ્ય હતો પણ યહૂદીઓની બીકે ગુપ્ત રહેતો હતો, તેણે પિલાત પાસે ઇસુનું શબ ઉતારવાની રજા માગી, અને પિલાતે રજા આપી. એટલે યોસેફે આવીને શબ ઉતારી લીધું.

વળી, નિકોદેમસ, જે પહેલાં રાત્રે ઇસુ પાસે આવી ગયો હતો તે પણ આશરે અઢી મણ બોળ અને અગરુનું મિશ્રણ લઈને આવ્યો. પછી તેમણે ઇસુના શબને લઈને યહૂદીઓની દફનવિધિ અનુસાર સુગંધી દ્રવ્યો સાથે શણના કાપડમાં વીંટાળ્યું. ઇસુને જયાં ક્રૂસે જડવામાં આવ્યા હતા ત્યાં એક બગીચો હતો અને તેમાં એક નવી જ વણવાપરી કબર હતી; યહૂદીઓનો વિશ્રામવારની તૈયારીનો દિવસ હતો, અને આ કબર પાસે હતી એટલે તેમણે ઇસુને તેમાં દફનાવી દીધા.

આ પ્રભુની વાણી છે.